સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

પરિસ્થિતિને મુખત્યારીનો ખેલ બનાવી નાખી!
હસતાં રમતાં ઘરમાં જ જેલ બનાવી નાખી !
બનાવી નાખી તેલમાં માંખ, વિરોધની પાંખને -
કોરોનાની સાવચેતી સદંતર હથિયાર ફેલ બનાવી નાખી!
(આડેધડ શ્રમિકોની હેરાફેરી)

હાઈકુ

ગીત-સંગીત
પૂરાયાં પાંજરાંમાં
આનંદ મૌન...

થાય આદેશો -
શિસ્તની સોટી લઈ -
સ્વાતંત્ર્ય કેદ...

ચિંતન

स्वायत्तमेकान्तगुणं विधात्रा, विनिर्मितं छादनमज्ञतायाः ।
विशेषतः सर्वविदां समाजे, विभूषणं मौनमपंडितानाम् ॥

ઉપરોક્ત શ્લોક ભર્તૃહરિ નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

મૌન એ અજ્ઞાનનું ઢાંકણ છે. મૌન એવી બાબત છે કે એ ધારણ કરવું, મૌન રાખવું એ આપણા હાથની વાત છે, પોતાના અધીન છે, પોતાની ઈચ્છાથી જ મૌન પાળવું ઉત્તમ ગણાય છે.

મૌન પાળવાથી કોઈ દોષ કે આડઅસર થતી નથી. ખાશ કરીને જ્ઞાનપુરુષોની સભામાં મૂર્ખ પુરુષો માટે મૌન તો ભૂષણરુપ - અલંકારરુપ છે. મૌન રહેવાથી કદાપિ સીમાઓ - મર્યાદાઓનું ઉલ્લંઘન થતું નથી કોઈને વરાણી દ્વારા દુઃખ થતું નથી. આપણો પોતાનો માન-મરતબો સચવાઈ જાય છે.

સુવિચાર

- જીવનની સૌથી મોટી લડાઈ... માણસ પોતાના વિચારો સાથે લડતો હોય છે... સંજોગો સાથે નહીં - **વિચારગંગા**
- સમય બહેરો હોય છે કોઈનું નથી સાંભળથો પણ એ આંધળો નથી હોતો નજર બધા પર રાખે છે - **સ્મૃતિ પ્રકાશ**
- ઘરનું ફળિયું અને માણસનું મન ચોખ્ખા જ હોવા જોઈએ, ત્યારે જ કોઈને આવવાનું અને બે ઘડી રહેવાનું મન થાય - **એસ. ભટ્ટાચાર્ય**
- કાંટો ઔર ચાકૂ કા તો નામ હી બદનામ હૈ, ચૂભતી તો નિગાહેં ભી હૈ, ઔર કાટતી તો જુબાન ભી હૈ - **અનવર સાહેબ**
- સૌમાં શૂરો તો કશામાં ન પૂરો - **અંગ્રેજી કહેવત**
- ભૂલ કરતી વખતે 'હું કરું ભૂલ કરું ?' એવો અહંકાર આપણને આવતો નથી અને ભૂલ કબૂલ કરવાની વાત આવે છે ત્યાં આપણને અહંકાર આડો આવે છે, કરુણતા જ છે ને ? - **ડો. જાનકીનાથન**
- આજનું ઔષધ : હાયના ઘની સાથે હળદર પાઉડરની પેસ્ટ બનાવી સાત દિસ હરસ પર લગાડવથી તરત રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

બલરાજ સાહની 'દો બીઘા જમીન' ફિલ્મના નિર્માણ વખતે પોતાની ગરીબ ગામડિયા રિક્ષાવાળાની ભૂમિકા માટે સખત મહેનત કરી રહ્યા હતા. તેઓ વાસ્તવિક જીવનમાં ભણેલા ગણેલા અને સુખી સંપન્ન હતા. એમના માટે આવી રિક્ષાવાળાની ભૂમિકા એક ચેલેન્જ હતી. તેઓ વિચારતા કે દર્શકોની મારી અદાકારી, દેખાવ બનાવટી લાગવા ન જોઈએ. ગામડિયા ગરીબ રિક્ષાવાળાનો પહેરવેશ પહેરી દેહાતી હિંદી ભાષા બોલવાનું શીખી રોજ પ્રેક્ટિસ કરતા. ખુશામત ખોરો આવીન તેમને સલાહ આપતા કે, 'આપતો જન્મજાત કલાકાર છો. આવી મહેનત બંધ કરો.' બે મહિના સખત પ્રેક્ટિસ કર્યા પછી તેઓ રિક્ષાવાળાના જેવો પહેરવેશ પહેરીન એક પાનની દુકાન પર પહોંચી ગયા. ત્યાં જઈ તેમણે દેહાતિ હિંદીભાષામાં પાનવાળાને કહ્યું, 'ભૈયા, એક સિગારેટનું પેકેટ આપજો.' મોંઘી બ્રાન્ડનું સિગારેટનું પેકેટ માંગનારની સાવ આવી દેહાતી હિંદીભાષા સાંભળીને પાનવાળાએ તેમની સામે જોયું કે દેહાતી ભાષા બોલતો માણસ સાવ ગામડિયો માણસ સિગારેટ પીશે ? પાનવાળાએ એને ધૂત્કારતા કહ્યું, 'જા... જા... આવ્યો મોટો મોંઘી સિગારેટ પીવાવાળો.' આમ તો પાનવાળાના આવા વર્તનથી કોઈ પણ ગુસ્સે થાય, પણ કુશળ કલાકાર બલરાજ તો પાનવાળાના આવા જવાબથી ખુશખુશાલ થઈ ગયા. તેમને હવે વિશ્વાસ બેઠો કે હવે તેઓ બરાબર રિક્ષાચાલકની ભૂમિકા માટે સંપૂર્મપણે તૈયાર છે. ખરેખર બલરાજની આ ફિલ્મમાં યાદગાર ભૂમિકા હતી અને ફિલ્મ પણ સફળ થઈ હતી.

તબીબો સાથે વ્યવહારૂ અભિગમ જરૂરી

તંત્રીસ્થાનેથી...

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરને એક યા બીજા બહાને દૂર કરવા એ સરકારનો વિશેષાધિકાર હતો. પરંતુ એ પછી જેમને અમદાવાદમાં સતત વધતા જતા કોરોનાના કેસોને લગામ લગાવવાની જવાબદારી સોંપાઈ તે ટીમના સંકલનકર્તાએ કોરોનાને નિયંત્રણમાં લેવા માટે જે વ્યૂહરચના અપનાવી એમાં શહેરની ખાનગી હોસ્પિટલો અને અંગત માલિકીનાં દવાખાનાં ચલાવતા તમામ ક્વોલિફાઈડ ડૉક્ટરોને તાત્કાલિક એમની હોસ્પિટલો અને ક્લિનિક ખોલી દેવાનો સમયબદ્ધ આદેશ કરાયો હતો. આ નિશ્ચિત સમયગાળામાં કાર્યરત નહીં થનારા ડૉક્ટરોનાં લાયસન્સ રદ કરવાની ધમકી પણ અપાઈ હતી, જે સ્વમાની ડૉક્ટર આલમને ગમી નથી. એમને અગાઉ સરકારે જે એમની ઓફિસો બંધ કરવાનો આદેશ આપ્યો હતો. લોકડાઉન ગાળા દરમિયાન ઓપીડી બંધ કરી આવા ડૉક્ટરો ટેલિકોન્ફરંસિંગથી એમના દરદીઓને જરૂરી સૂચન આપતા હતા અને કેટલાક ડૉક્ટરોએ તો ઈમર્જન્સી કેસો પૂરતી એમની હોસ્પિટલો સેવાઓ ચાલુ પણ રાખી હતી. જે ભાષામાં ડોક્ટરોને તાત્કાલિક યુ-ટર્ન લઈ એમની હોસ્પિટલો, ડિસ્પેન્સરીઓ અને ક્લિનિકો ખોલી નાખવાનો આદેશ કરાયો છે તે પ્રથમ દૃષ્ટિએ પ્રતિષ્ઠાવાળા પ્રોફેશન માટે અપમાનજનક જ લાગે. આથી અમદાવાદ મેડિકલ એસોસિએશન સહિત ઘણા ડૉક્ટરોએ નીડર પ્રતિક્રિયા પાઠવી છે. એમને બળવો કરવા સુધીની ચીમકી આપી છે. એક અર્થમાં આ વહીવટીતંત્ર સામનો વાજપી આક્રોશ જ છે. ડૉક્ટરો કયારેય પારોઠનાં પગલાં ભરી જવાબદારીમાંથી છટકવા નહોતા માગતા. ઉપરથી આઈસીએમઆરની ગાઈડલાઈન અનુસાર એમણે વ્યવસાય પર તાળાબંધી સ્વીકારીને શિસ્તબદ્ધ નાગરિકો હોવાની પ્રતીતિ કરાવી હતી. તજજ્ઞ તબીબોએ સામે ચાલીને કોરોના સંક્રમિત દરદીઓની સારવાર કરવાની તૈયારી પણ બતાવી હતી. આપણી નોકરશાહી એને એપેડેમિક ઍક્ટ હેઠળ મળેલા અધિકારો વાપરી પ્રજાના તમામ વર્ગોને બળજબરીપૂર્વક બાનમાં લેવા માગતી હોય ત્યારે પ્રજાના સૌથી પ્રબુદ્ધ સમુદાય સમી તબીબી આલમની પ્રતિક્રિયા એ લોકતંત્રની અહાલેક બની રહે છે. નોકરશાહીને ખબર હોવી જોઈએ કે ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતા ઈંગ્લેન્ડમાં જઈ એમ.ડી. થયેલા ડૉક્ટર હતા. તમામ માપદંડોથી માપતાં આજપર્યંત ગુજરાતના સર્વશ્રેષ્ઠ મુખ્યમંત્રી તરીકે ડૉ. જીવરાજ મહેતા અને સર્વશ્રેષ્ઠ ધારાસભ્ય તરીકે ખેરાલુનાં પૂર્વ ધારાસભ્ય ડૉ. વસંત પરીખ અણનમ રહ્યા છે. જેમની હાક અને ધાક સામે કોઈ ઊંહકારું સુધ્ધાં નહોતું કરી શકતું એવા કડકાકડક નેતા મોરારજી દેસાઈને ચૂંટણીમાં ડૉ. અમૂલ દેસાઈએ પરાજિત કર્યા હતા. આજે ટેકનોલોજીની બોલબાલા વચ્ચે પણ માતાપિતાને એમનું હોરનાર સંતાન મેડિકલ લાઈનાં પ્રવેશ મેળવે એવી મહેચ્છા રહેતી હોય છે. બલકે સનદી અધિકારીઓ માટેની યુપીએસસીની પરીક્ષામાં ટોપર્સ મહદંશે તબીબી ગ્રેજ્યુએટ્સ હોય છે. સમાજના સૌથી પ્રબુદ્ધ સમુદાય અને કેટલીક વાજબી ફરિયાદો જરૂર હોઈ શકે. અગાઉની જેમ નવી પેઢીના ડૉક્ટરો નૈતિક મૂલ્યવત્તાવાળી (એથિકલ) પ્રેક્ટિસ નથી કરતા. ફાઈવ સ્ટાર ખાનગી હોસ્પિટલો દરદીનાં ખીસાં ખંખેરી નાખનારી લૂંટારું સંસ્થાઓ બની ગઈ છે. પરંતુ હજી જનસાધારણને મન ઈશ્વર પછી કોઈ શ્રદ્ધાનું સ્થાન હોય તો તે ડૉક્ટર છે. અધિકારીઓએ આ વિશિષ્ટ, પ્રશિષ્ઠ અને પ્રબુદ્ધ સમુદાય સાથે વિનમ્રતાથી પેશ આવવું જોઈએ. શું એમને મળેલા અધિકારો અન્વયે ડૉક્ટરોનાં લાયસન્સ રદ કરવાથી કોરોનાનો સતત આગળ વધી રહેલો રથ અટકાવી શકશે ? થોડા વધુ વહેવારું બનો બાબુઓ !

સલામતી અટકાયત ધારો - ૧૯૫૦

ભારતની સલામતીને અનુલક્ષીને અને રાજયને પણ તેની આંતરીક સલામતીને અનુલક્ષીને સલામતી અટકાયત ધારા ઘડવાની છુટ છે

આ કોઈ ગુન્હાહિત કૃત્ય કરવાનું પરિણામ નથી માત્ર ગુન્હાહિત કૃત્ય બનવાની સંભાવનાના આધાર ઉપર કરવામાં આવતી અટકાયત છે તે શિક્ષાત્મક નથી આ અટકાયત કોઈપણ ગુન્હો સાબીત થયા સિવાય કે કોઈપણ આક્ષેપ મુકયા સિવાય કરવામાં આવે છે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ભારતના કાયદામાં સલામતી અટકાયત કાયદાની કોઈ ચોક્કસ વ્યાખ્યા આપવામા આવી નથી પરંતુ તેનું ઉદ્‌ગમસ્થાન બ્રિટનના ડિફેન્સ ઓફ ધી રેલ્મ એકટ ૧૯૧૪ ના નિયમ ૧૪(બ) માંથી લેવામાં આવ્યો હોવાનું અનુમાન કરવામાં આવે છે. પ્રથમ વિશ્વ યુધ્ધ સમયે ૧૯૧૪માં આ કાયદો પસાર કરવામાં આવ્યા પછી ૨૬ ફેબ્રુઆરી ૧૯૫૦ ના રોજ સલામતી અટકાયત ધારો અમલમાં આવ્યો.

ભારતની સલામતીને અનુલક્ષીને અને રાજયને પણ તેની આંતરીક સલામતીને અનુલક્ષીને સલામતી અટકાયત ધારા ઘડવાની છુટ છે. નિવારક અટકાયત સામાન્ય અટકાયતની જુદી પડે છે. આ કોઈ ગુન્હાહિત કૃત્ય કરવાનું પરિણામ નથી માત્ર ગુન્હાહિત કૃત્ય બનવાની સંભાવના આધાર ઉપર કરવામાં આવતી અટકાયત છે. તે શિક્ષાત્મક નહિ પરંતુ નિરોધાત્મક છે. આ અટકાયત કોઈપણ ગુન્હો સાબીત થયા સીવાય કે કોઈપણ આક્ષેપ મુકયા સીવાય કરવામાં આવે છે.

૧૯૫૦ માં સૌ પ્રથમ એક વર્ષ માટે આ કાયદો ઘડવામાં આવ્યો અને તેની મુદત લંબાવવામાં આવતી રહી. ૧૯૬૯ સુધી તેની મુદતમાં વધારો કરવામાં આવ્યો પરંતુ ૧૯૬૯ માં આ કાયદાનો અંત લાવી નવા કાયદા ઘડવામાં આવ્યા.

સલામતી કાયદાની જોગવાઈ અને ન્યાયતંત્રના નિર્ણય મુજબ ભારત જેવા લોકશાહિ દેશમાં જયાં સ્વતંત્રતાનો ખ્યાલ મૂળભૂત અધિકારના સ્વરૂપમાં સ્વીકારવામાં આવ્યો હોય ત્યારે આ રીતે કોઈપણ પ્રકારના કારણો આપ્યા સીવાય માત્ર શંકા પરથી વ્યક્તિની ધરપકડનો કાયદો ખૂબ જ વિરોધાસી બાબત હતી. આ કાયદાની જોગવાઈઓ એટલી કડક હતી કે અટકાયતીને અટકમાં લેવા માટે જે કારણો આપ્યા હોય તે બાબતમાં અદાલતને હસ્તક્ષેપ કરવાનો હક્ક ન હતો જો કે સલામતી ધારાને બંધારણીય ગણવામાં આવ્યો હતો. બંધાણની કલમ ૨૨(૪) થી ૨૨(૭) માં તેને સ્થાન આપવામાં આવ્યું છે પરંતુ સમય જતા જેમ જેમ નવા કાયદાની જરૂર ઉપસ્થિત થતી ગઈ તેમ તેમ આ કલમમાં ઉમેરો કરી નવા કાયદાને બંધારણીય સ્થાન આપવામાં આવ્યું જે સમય અને સ્થિતિ પ્રમાણે દરેક રાજયોમાં અલગ અલગ રીતે લગાવવામાં આવે છે. આ કાયદાનો મોટાભાગે રાષ્ટ્રીય કટોકટીના સમયમાં ઉપયોગ યાને દૂરઉપયોગ થયો. રાજકિય હેતુઓ સિધ્ધ કરવા તેનો ઉપયોગ કરવામાં આવ્યો. આ કાયદા હેઠળ કરવામાં આવતી અટકાયત સામે હેબિયર્સ કોપર્સ કેસ તરીકે ઓળખાતી જો કે સર્વોચ્ચ અદાલતે આ કાયદાને વૈદ્ય ગણવામાં આવેલ ૧૯૭૮ ની ચૂંટણી બાદ જનતા સરકારનું સાશક આવતા આ કાયદો રદ કરવામાં આવ્યો હતો પરંતુ ચરણસીંહની સરકારમાં નેશનલ સીકયોરીટી એકટ ૧૯૮૦ અને કોફેપોસા એકટની જોગવાઈ તરીકે પુનઃ અમલમાં મુકાયો તેમાં અટકાયતીની અટકાયત બાદ તેના નજીકના સગાને જાણ કરવી, વિશિષ્ટ સંજોગોમાં અટકાયતીને તેના વિસ્તારની અંદર જ કેદ રાખવો, અટકાયતીને ખોરાક, વાંચન સામગ્રી, મુલાકાતીની પરવાનગી આપવી વિગેરે અટકાયતી સામે માનવ ગૌરવ ને છાજે તેવું વર્તન કરવું અને સલાહકાર બોર્ડની રચના કરવી જો કે ૧૯૭૮ બાદ આ બોર્ડની પુનઃ ગઢનની કેન્દ્ર સરકારને આવશ્યકતા જણાઈ નથી.

નિવારક અટકાયત એ લોકશાહિ શાસન વ્યવસ્થાને વરેલા દેશ માટે દુષણ સમાન હોવા છતાં તેને એક અનિવાર્ય અનિષ્ટ ગણવામાં આવેલ છે. અદાલતે પણ વિવિધ સમુદાયો દ્વારા તેને અનુમોદન આપેલ છે આ કાયદાની આપમુસ્દી અને સન્ન મનસ્વી અને દુષીત ઈરાદાથી ઉપયોગ ન થાય તે માટે અટકાયતીને કેટલાક અધિકારો આપવામાં આવ્યા છે.

સલાહકાર બોર્ડ અંગેની ૪૪ માં સુધારા અગાઉની જોગવાઈ પારદર્શક અને તટસ્થ ન હતી ૪૪ માં સુધારાની સૂચિત કલમ કરી સલાહકાર બોર્ડમાં વડી અદાલતના મુખ્ય ન્યાયાધિશની ભલામણ મુજબના કોઈ ચાલુ ન્યાયાધિશનું બોર્ડ રચવાની જોગવાઈ હતી જે કાગળ ઉપર જ રહી જવા પામી છે. અટકાયતીને તેના એડવોકેટ રાખવાની છૂટના આપતા સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે એમઆઈએએ ના કાયદાની કલમ ૧(૪) મુજબ અટકાયતીને એડવોકેટ દ્વારા રજુઆતનો હક્ક છે હાલમાં પાસાના અટકાયતીને પણ આ લાભ આપવામાં આવે છે જો કે ૯૦ દિવસ બાદ જ આવા બોર્ડનું ગઢન થઈ રજુઆત

અનુસંધાન પાના નં ૭ પર

આ મળ્યું જગત રે જેવું, બને તો જાણી લઈએ; જે મળી જીવનની પળો, ચલો મન, માણી લઈએ

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

ગોખથી હેઠે ઊતરો, પ્યારા! ત્યાં તો પથ્થર લાગો છો;
માનવરૂપ ધરો છો ત્યારે સાચા ઈશ્વર લાગો છો.
- 'શૂન્ય પાલનપુરી'

આપણે જે મહામારીનો સામનો કરી રહ્યા છીએ ત્યારે આપણે 'સાંઈ' જેવા સંતની જરૂર છે. 'દેવદૂત' અને 'સાંઈ' ની આ સૂચક વાર્તા આપણને ઘણું શીખવી જાય છે.

નાના એવા સંત હતા, લાંબી અને સુખી આવરદા ભોગવી ચૂક્યા હતા. આશ્રમના રસોડામાં બેઠા બેઠા એક દિવસ ઠામવાસણ માંજતા હતા, ત્યાં આસમાનમાંથી દેવદૂત આવ્યો. 'ભગવાને મને મોકલ્યો છે,' દૂત બોલ્યો, 'સ્વર્ગમાં તમારું સ્થાન ગ્રહણ કરવાનો સમો હવે આવી ગયો છે.'

'મારા પરભુએ મને સંભાર્યો તીના સાટુ એનો પારાવાર પાડ માનું.' સંત બોલ્યા, 'પણ આંય કણે તો મને જુઓ છો ને, બાપલા, - ઠામવાસણનો આ મોટો ખડકટો હજી ઊટકવાનો પડ્યો છે. મને નગુણો માનતા નહીં, મારા વાલીડા - પણ આટલો એઠવાડ કાઢી લઉં પછી તમ સંગાથે સ્વર્ગમાં આવું, તો હાલશે?'

ફિરસ્તાઓને વરેલી શાણીને સ્નેહભરી નજરે દેવદૂતે સંતને ઘડીભર નિહાળ્યા. પછી 'ઠીક ત્યારે, કહીને અંતરધ્યાન થઈ ગયો.

સંત તો એઠવાડ કાઢવાનાં ને બીજાં કેટલાંય કામ એક પછી એક આટોપતા ચાલ્યા. એમાં એક દિવસ બગીચામાં એ નીંદામણ કરતા હતા ત્યાં, વળી પાછો દેવદૂત આવીને ઊભો રહ્યો. હાથમાં ખરપડી વહે સંતે એને બાગની બધી કયારીઓ ચીંધાડી : 'જોયું ને, આ કેટલું નીંદામણ હજી બાકી છે! સ્વર્ગમાં આવવાનુંહજી લગરીક પાછું ઠેલાય, તો વાંધો નહિં આવે ને, વીરા ?' ફિરસ્તાએ સ્મિત વેર્યું, અને વળી એ અદૃશ્ય થયો.

સંતનું નીંદામણ અંતે પૂરું થયું, એટલે પછી એ પીંછડો લઈને ગમાણને ધોળવા બેઠા... એમ એક એક કામ પૂરું થાય, ત્યાં બીજા બે પર એમની નજર પડતી રહે. દિવસો કયાં વયા જાયં છે એની ખબર પણ ન પડે... એમાં એક દિવસે એ દવાખાને રોગીઓની માવજત કરતા હતા. તાવલેલા એક દરદીને શીતળ જળ પાઈને એ ઊભા થાય છે, ત્યાં તો પરમેશ્વરનો ખેપિયો સામે ઊભેલો જોયો.

આ વેળા તો કશું બોલવાને બદલે થાકેલા સંતે માત્ર પોતાના મસ્તકે હાથ મૂક્યો. કરુણાભરેલી એમની આંખોએ ચોમેર પડેલાં રોગગ્રસ્ત નરનારીઓની ઉપર ફિરસ્તાનાં ચક્ષુઓને ફેરવ્યાં... એક હરફ પણ ઉચ્ચાર્યા વગર દેવદૂત ગાયબ થઈ ગયો.

દિવસ આથમ્યા પછી સંત પોતાની કુટિરમાં પાછા ફર્યા, એક સાદડી પર આડા પડ્યા ત્યારે એને પેલા ફિરસ્તાના અને વારંવાર પોતે એને કરેલા વાયદાઓના વિચાર આવવા લાગ્યા. એકાએક, કેટલાંય વરસોનો બુઢાપો ને થાક એને આજ વરતાવા લાગ્યા, અને એ ગણગણ્યા : 'હે મારા રામ ! તારા ખેપિયાને હવે તારો પાછો મોકલવો હોય, તો મને લાગે છે કે એની સાથે ચાલી નીકળવાને હવે હું તૈયાર થઈ ગયો છું...'

એમનાં વેણ પૂરાં થયાં - ન - થયાં તો અંતરીક્ષમાંથી ઊતરીને દેવદૂત એમની સન્મુખ ઊભેલો દેખાયો. 'ભાઈ, હજીયે જો તારે મને લઈ જવાનો મોખ હોય.' સંતે હળવે સાદે બોલ્યા, 'તો સ્વર્ગમાં મારા ઠામે બેસવાની હવે મારી તૈયારી છે.'

ફિરસ્તાઓની એ જ શાણી ને સ્નેહભરી દૃષ્ટિ કરીને દેવદૂતે એ નાના સંતને વળી પાછા નિહાળ્યા, ને એ બોલ્યા, 'ત્યારે અત્યાર લગી તમે બીજે કયાં હતા, સાંઈ?'

Last Seen :
આ મળ્યું જગત રે જેવું, બને તો જાણી લઈએ;
જે મળી જીવનની પળો, ચલો મન, માણી લઈએ.
- રમેશ જાની

- nehalgadhavi101@gmail.com

કોરોનાગ્રસ્ત મધ્યપ્રદેશમાં રાજકીય ગરમાવો શમતો નથી

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

ભારતના હૃદયસમા મધ્યપ્રદેશમાં કોરાનાગ્રસ્ત સમયગાળામાં પણ રાજકીય ઉહાપોહ શમતો નથી. હજુ ૨૩ માર્ચ ૨૦૨૦ના રોજ કૉંગ્રેસની કમલ નાથ સરકારને ગબડાવીને ચોથી વાર ભાજપી મુખ્યમંત્રી બનેલા શિવરાજસિંહ અને કમલ નાથ વચ્ચે રાજકારણની જુગલબંધી ચાલી રહી છે. શિવરાજે કહ્યું કે કમલ નાથની સરકારે કોરોના સામે પૂરતાં પગલાં ના લીધાં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં કોરોનાના મુદ્દે ૨૩ માર્ચે ભોપાલમાં મુખ્યમંત્રી તરીકે શિવરાજસિંહ ચૌહાણના શપથવિધિ પછી લોકડાઉન જાહેર કર્યું. એનો અર્થ બહુ સ્પષ્ટ હતો કે કેન્દ્ર સરકારે કોરોના વિશેના નિર્દેશો આપ્યા એ શિવરાજ સરકારે જ અમલમાં લાવવાના હતા. જોકે રાજકારણમાં તર્ક અને સચ્ચાઈને અભેરાઈએ ચડાવીને પણ આરોપ-પ્રત્યારોપ થતા હોય છે અને એમાં મરો તો અંતે પ્રજાનો જ થતો હોય છે. સાગમટે જ્યોતિરાદિત્ય સમર્થક ૨૨ જેટલા કૉંગ્રેસી ધારાસભ્યો ભાજપના મોવડીમંડળના ઈશારે પક્ષ છોડે અને કમલ નાથની કૉંગ્રેસ સરકાર ગબડાવે એવો વરવો ખેલ દુનિયાભરના લોકોએ નિહાળ્યો. વડોદરાના પૂર્વ રાજવી પરિવારના જમાઈ અને કૉંગ્રેસના મોટા ગજાના નેતા માધવરાવ સિંધિયાના પુત્ર ઉપરાંત ભાજપનાં સંસ્થાપક ઉપાધ્યક્ષ રાજમાતા વિજયારાજે સિંધિયાના પૌત્ર એવા "મહારાજ" ભાજપમાં જોડાયા કે એમને અપેક્ષા હતી કે રાજ્યસભામાં ચૂંટાઈને કેન્દ્રમાં મંત્રી બનશે. જોકે કોરોના કાળોતરો થઈને આડે આવ્યા પછી એમનું મંત્રી થવાનું તો લટકી ગયું, પણ કોરોનાના લોકડાઉન વચ્ચે ઉતાવળે ૨૧ એપ્રિલે શિવરાજ મંત્રીમંડળનું વિસ્તરણ થયું એમાં ઉમેરાયેલા પાંચ મંત્રીમાં જ્યોતિરાદિત્યના જૂથના માત્ર બે મંત્રી લેવાયા. બીજા હજુ હોદ્દાની પ્રતીક્ષામાં છે.

મહારાજ મોદીના અનુગામી!

સ્વયં મહારાજ પણ દુઃખી છે છતાં હજુ વિધાનસભાની ખાલી પડેલી ૨૪ બેઠકોની પેટાચૂંટણીમાં બહુમતી બેઠકો જીતાડીને શિવરાજસિંહને મુખ્યમંત્રીના હોદ્દે કન્ફર્મ નહીં કરાવે ત્યાં લગી એમનું કેન્દ્રમાં મંત્રી બનાવવાનું અશક્ય જણાય છે. જ્યોતિરાદિત્યને ભાજપમાં લાવવામાં એમની બંને ફોઈઓની ભૂમિકા મહત્વની રહી. મોટાં ફોઈ વસુંધરા રાજે રાજસ્થાનમાં ભાજપી મુખ્યમંત્રી રહ્યાં છે. એમનો પુત્ર દુષ્યંત સિંહ ભાજપનો સાંસદ છે. નાનાં ફોઈ યશોધરા રાજે પણ ભાજપમાં છે અને અગાઉ શિવરાજસિંહ સરકારનાં મંત્રી રહ્યાં. ફોઈઓએ જ્યોતિરાદિત્યના ભાજપમાં જોડાવાને આવકારો આપ્યો છે. જ્યોતિરાદિત્ય વડોદરાના રાજવી પરિવારના સંગ્રામસિંહ ગાયકવાડ અને આશાદેવીના જમાઈ છે. જોકે સંગ્રામસિંહનો પરિવાર રાજમાતા શુભાંગી રાજે અને "મહારાજા" સમરજીત સિંહ ગાયકવાડથી સાવ અલગ છે. શુભાંગી રાજે ભાજપનાં ઉમેદવાર તરીકે

- મુખ્યમંત્રી શિવરાજસિંહએ સરકારનું વિસ્તરણ કર્યા પછી પણ ભાજપી ધારાસભ્યોમાં અસંતોષ
- ગ્વાલિયરના "મહારાજ" જ્યોતિરાદિત્ય દુઃખી, ૨૪ બેઠકોની પેટાચૂંટણી સુધી મૌનવ્રત જાળવશે
- નિવૃત્ત બ્યૂરોક્રેટ જયશંકરને સ્થાને મોવડીમંડળમાં હવે વિદેશમંત્રીપદે સિંધિયાનું બોલાતું નામ
- નવ-નવ વાર સાંસદ રહેલા કમલ નાથને ફરીને ભોપાલમાં કૉંગ્રેસની સરકાર રચવાની આશા

ખેડા લોકસભા બેઠક પરથી ચૂંટણી લડીને હાર્યાં હતાં. એવું પ્રચારિત કરાયું હતું કે વડોદરાના કનેક્શનથી જ્યોતિરાદિત્ય ભાજપમાં જોડાયા, પણ હકીકતમાં એ ફોઈઓના આગ્રહથી જ સત્તાપક્ષમાં આવ્યા છે. સિંધિયા પરિવાર આ બાબતમાં એકમેકની સામે નથી. અત્યારના સંજોગોમાં શાંત બેઠેલા મહારાજ આવતા દિવસોમાં પોતાને અને પોતાના ટેકેદારોને ભાજપનાં સત્તાસમીકરણોમાં ગોઠવવામાં સફળ નહીં થાય તો એમની ઘરવાપસીની શક્યતા પણ વર્તાઈ રહી છે. એકબાજુ, જ્યોતિરાદિત્યને પૂર્વ રાજવી પરિવારો અને રાજપૂતોના નેતા તરીકે પ્રોજેક્ટ કરવાની કોશિશો ગુજરાત અને ઉત્તરપ્રદેશમાં થઈ રહી છે. કેટલાંક ગણતરીબાજ રાજકીય વ્યક્તિત્વોને એમનામાં આવતાં છ વર્ષમાં વડાપ્રધાન મોદી નિવૃત્તિની વયે પહોંચે ત્યારે એમના અનુગામી જોવા મળે છે, પણ આવી ગણતરી માંડીને ભાજપમાં મહારાજનું ઉજ્જવળ ભાવિ જોવા ઈચ્છુકો વિસરી જાય છે કે ગ્વાલિયર રાજવી પરિવાર એ મરાઠા છે. વળી, વડાપ્રધાન નરસિંહરાવ સાથે વાંકું પડ્યાના મુદ્દે માધવરાવ પણ કૉંગ્રેસ છોડી ગયા હતા અને કૉંગ્રેસમાં એમની ઘરવાપસી થઈ હતી. માધવરાવે ક્યારેય સોનિયા ગાંધીના પરિવાર સામે નિવેદનો કર્યાં નહોતાં. પોતાના પિતા જેમ જ હજુ સુધી જ્યોતિરાદિત્ય પણ કમલ નાથ અને દિગ્વિજય સિંહ સામે ટીકાત્મક નિવેદનો કરતા રહ્યા હોવા છતાં કૉંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી કે રાહુલ ગાંધી સામે નિવેદનો કરવાનું ટાળતા રહ્યા છે. ભોપાલમાં હજુ ચર્ચા છે કે જ્યોતિરાદિત્ય વિદેશમંત્રી કે અન્ય મહત્વના ખાતાના કેન્દ્રીય મંત્રી ના બની શકે અને પોતાના ટેકેદારોને સત્તા અપાવી ના શકે તો એ ફરી પલટી મારી શકે. વિધાનસભાની જે બેઠકોની પેટા ચૂંટણી છે એ મોટેભાગે ગ્વાલિયર અને આસપાસના મહારાજ અને ગૃહમંત્રી ડૉ. નરોત્તમ મિશ્રાના વિસ્તારની છે. આ ચૂંટણીમાં ભાજપ ભારે બહુમતી મેળવે તો મહારાજ કે ડૉ. મિશ્રા મુખ્યમંત્રીના હોદ્દે પણ આવી શકે. શિવરાજ મુખ્યમંત્રી ચાલુ રહે અને ભાજપના કૉંગ્રેસના ધારાસભ્યોને પક્ષપલટા કરાવવાના ઓપરેશનના પ્રભારી ડૉ. મિશ્રા પણ રાજ્યની સરકારમાં મંત્રી રહે તો મહારાજ કેન્દ્રમાં બ્યૂરોકરેટમાંથી વિદેશ મંત્રી બનેલા જયશંકર કરતાં વધુ પ્રભાવી વિદેશમંત્રી સાબિત થઈ શકે. એમને કેન્દ્રમાં લેવાય અને એમના કેટલા સમર્થકો રાજ્યમાં મંત્રી બની શકે એના પર આવતીકાલનાં સત્તાસમીકરણનો મદાર છે.

કમલ નાથ હજુ આશાવાદી

નવ-નવ વખત છિન્દવાડા બેઠક પરથી લોકસભામાં ચૂંટાયેલા અને મુખ્યમંત્રી થયેલા કમલ નાથ હજુ ભોપાલમાં કૉંગ્રેસની સરકાર સ્થાપવાની બાબતમાં આશાવાદી છે.આટઆટલા વરિષ્ઠ નેતા હોવા છતાં કમલ નાથે તો વચ્ચે કહ્યું કે હું પૂર્વ સાંસદ અને દસ વર્ષ લગી મુખ્યમંત્રી રહેલા દિગ્વિજયસિંહના ભરોસે રહ્યો. જોકે આ નિવેદન અખબારનવીશોએ વિકૃત કરી મૂક્યાની શક્યતા વધુ છે. હમણાં હમણાં પત્રકારોને વીડિયો પર સંબોધતાં કમલ નાથે જે દાવો કર્યો એમાં એમણે સ્પષ્ટતા કરી કે દિગ્ગી રાજા અને હું બંને આટલા બધા અમારા સાથી સાથ છોડી જશે એવું માનતા નહોતા. સિંધિયાના ગ્વાલિયર અને દિગ્ગી રાજાના પાંચ-છ ગામના રજવાડા વચ્ચે પરાપૂર્વથી ખટરાગ ચાલ્યો આવે છે. હવે કમલ નાથ દાવો કરી રહ્યા છે કે આવતા દિવસોમાં ૨૪ બેઠકોની પેટા ચૂંટણી થશે એમાં છેતરાયેલા મતદારો કૉંગ્રેસને બહુમતી આપી ચૂંટશે અને ફરીને ભોપાલમાં કૉંગ્રેસની સરકાર આરૂઢ થશે. ગત નવેમ્બર ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણી પરિણામો કૉંગ્રેસને બહુમતી આપનારાં હતાં. મુખ્યમંત્રીપદની હોડમાં પ્રદેશ કૉંગ્રેસના અધ્યક્ષ નાથ અને સ્ટાર પ્રચારક તેમજ પક્ષના રાષ્ટ્રીય મહામંત્રી જ્યોતિરાદિત્ય બેઉ હતા. નાથ મુખ્યમંત્રી થતાં નારાજ સિંધિયાને પ્રદેશ અધ્યક્ષ પણ ના બનાવાયા એટલે રાહુલની ટીમના સભ્ય હોવા છ